PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૨/કવા–૦૪/૧૭–૧૮/ 4763/57 તા. 29-5-18

રજી. એ.ડી.પત્ર

પ્રતિ,
મકસુદભાઈ મહમદભાઈ અગવાન,
C/O, શ્રી ગીરનાર સેવા કેન્દ્ર, પેટ્રોલ પંપ,
ચુડા વાવડી રોડ,
લગારીયા પીર સામે, ગામ– ચુડા,
તા.ભેસાણ,
જી. જુનાગઢ
મો: ૯૭૨૫૪ ૧૫૦૧૫

**વિષય :–પેટ્રોલ પંપ ના જોડાણ માટે પાવર સપ્લાય જ્યોર્તીગ્રામ ફીડર માથી મેળવવા માટે**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૪–૦૩–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૭૨/કવા–૦૪/૧૭–૧૮)**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,ભેસાણ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કેસ નં. : સીજીઆરએફ : ૭૨/ક્વા–૦૪/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૫–૦૫–૧૮ સ્થળ : જુનાગઢ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: મકસુદભાઈ મહમદભાઈ અગવાન, ગામ: ચુડા**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે દેવેનભાઈ હરીભાઈ રાદડીયા હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,ભેસાણ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ)**

**રજુઆત કરનાર :એલ.કે.પરમાર – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ**

## : હુકમ :

**ફરીયાદ : પેટ્રોલ પંપ ના જોડાણ માટે પાવર સપ્લાય જ્યોતીંગ્રામ ફીડર માથી મેળવવા માટે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ તેમના ગામ:ચુડા ખાતે આવેલ – તેઓની માલીકી ની સીમતળ ની જમીન – જે કોમ. હેતુ માટે બીનખેતીમા ફેરવાયેલ તે જમીન જે – તેઓની માલીકી ની છે, તેમા પેટ્રોલ પંપ ચલાવવા વીજ જોડાણ માંગેલ છે. જે પીજીવીસીએલ દ્રારા – ગમે તે ગર્ભીત કારણોસર – જ્યોતીંગ્રામ ફીડર માથી આપવા ને બદલે – નજીક ના ખેતીવાડી ના ફીડર માથી આપેલ છે. જે બાબતે તેઓને ઘણુજ નુકશાન થાય છે, તેમજ કંપની ના સ્થાનિક અધિકારીએ – ઈરાદાપૂર્વક કારણો ઉભા કરી અને જોડાણ ને જ્યોતીંગ્રામ ફીડર માથી આપેલ નથી. આમ, સદર જોડાણ નો પાવર સપ્લાય જ્યોતીંગ્રામ ફીડર માથી મેળવવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી મકસુદભાઈ મહમદભાઈ અગવાન, ગ્રાહક નં.: ૩૯૪૬૨/૦૧૮૪૧/૩ થી ૧૦ કીવો નુ એનઆરજીપી – સી કેટેગરી હેઠળ નુ જોડાણ પેટ્રોલ પંપ ના હેતુ માટે અરજદાર ની લેખીત સંમતી ના આધારે વીજ જોડાણ ખેતીવાડી ફીડર માથી અપાયેલ હતુ.<br>• (૨) અરજદાર ની ફરીયાદ અન્વયે જણાવવાનુ કે – પીજીવીસીએલ ના ઓફિસ રેકર્ડ અને સ્થળ પર ના નકશાનો અભ્યાસ કર્યા બાદ – નીચે મુજબ સંભવિત કારણો દર્શાવેલ છે. જેમા સ્થાનિક અધિકારીએ કોઈપણ પ્રકારનો રાગ– દ્રેષ રાખેલ નથી.<br>• (૩) અરજદાર ની જ્યોતીંગ્રામ ફીડર માથી પાવર સપ્લાય મેળવવા માટે ની અરજી તા.૨૫–૧૦–૧૬ મુજબ – જ્યોતીંગ્રામ ફીડર માથી પાવર સપ્લાય આપવા માટે – ૦૩ કીમી ની નવી વીજલાઈન મા કુલ ૧૮ ખેતીવાડી ક્રોસીગ આવે છે, જેમા એક નદી તથા બે રોડ ક્રોસીગ આવતા હોવાથી કંપની ના પ્રવર્તમાન નિયમ મુજબ અકસ્માત ન થાય તેમજ ફોલ્ટ નુ રીપેરીગ તાત્કાલીક થઈ શકે – તેની તકેદારી ના પગલે આવા ક્રોસીગ કરવામા આવતા નથી.<br>• (૪) જ્યોતીંગ્રામ ફીડર – જે તે ગામ સુધી પહોચાડેલ – તે વખતે જરૂરી ક્રોસીગ ને ધ્યાને લઈને – ક્રોસીગ દુર કરી અને અકસ્માત ન થાય તે મુજબ ની વીજલાઈન ઉભી કરાયેલ છે.<br>• (૫) આમ, ઉપરોકત સ્થળ પર ની હૈયાત પરીસ્થિતી અને અરજદાર ની લેખીત સંમતી ને ધ્યાને લઈ ને – જે તે વખતે અરજદાર ને સંપુર્ણપણે યોગ્ય સમજ આપી ને જ ખેતીવાડી ફીડરમાથી વીજજોડાણ આપવામા આવેલ હતુ. |

**મુદદા નં.—૩ :**

**: નિષ્કર્ષ :**

૩ ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

૩.૧

- (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી મકસુદભાઈ મહમદભાઈ અગવાન, ગ્રાહક નં.: ૩૯૪૬૨/૦૧૮૪૧/૩ થી ૧૦ કીવો નુ એનઆરજીપી – સી કેટેગરી હેઠળ નુ જોડાણ પેટ્રોલ પંપ ના હેતુ માટે અરજદાર ની લેખીત સંમતી ના આધારે વીજ જોડાણ ખેતીવાડી ફીડર માથી અપાયેલ હતુ.
- (૨) અરજદાર ની રજુઆત મુજબ – તેઓનુ વીજજોડાણ ખેતીવાડી ફીડર માથી આપેલ છે. જે કંપની ના નિયમ વિરૂધ્ધ અને તેઓના ધંધા મા અવરોધ રૂપ હોય – તેમજ જે તે વખતે કામ ચલાઉ સમય પૂરતો વીજપૂરવઠો નજીક ના ખેતીવાડી ફીડર માથી આપવા સાદા કાગળ ઉપર – સ્થાનીક અધિકારી ના કહેવા મુજબ લેખીત સંમતીપત્ર આપેલ છે. જે કામ ચલાવ ધોરણે ગણાય. તેમજ, અરજદાર ની રજુઆત અન્વયે – બીનખેતી અને ખરાબા ની જમીન મા આવેલ વેપાર ધંધાના સ્થાનો મા પાવર સપ્લાય – જયોતીંગ્રામ ફીડર માથી આપવાનો હોય છે અને ૨૪ કલાક વીજળી મળવાથી – તેઓના પેટ્રોલ પંપે રોજગારી ની તકો ઉભી થઈ શકે તેમ જણાવેલ છે. અકસ્માત નિવારણ માટે રોડ સાઈડ મા હવે ઓવરહેડ લાઈન મા હવે ઈન્સ્યુલેટેડ કંડકટર નો ઉપયોગ કરવામા આવે છે.
- (૩) રાજયસરકાર શ્રી ના પ્રવર્તમાન ગામતળ બહાર વિવિધ હેતુ માટે વીજજોડાણ આપવાની નિતિ મુજબ ના – પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પત્ર નંબર: જીયુવીએનએલ/૨૭૧૯, તા.૩૦–૦૧–૧૭ અને તેમા થયેલ સુધારા પત્ર નં. – જીયુવીએનએલ/ટેક–૨/૧૦૮૫ તા.૦૧–૦૯–૧૭ મુજબ – વિભાગ – ૦૫ ની – પેટા શરતો –૧૩ મા જણાવ્યા મુજબ હાલ મા ગ્રાહક હૈયાત વીજજોડાણ નો વીજપુરવઠો જે ફીડર પરથી મેળવવા ઈચ્છતા હોય – તે બદલવા માંગતા હોય તેવા અરજદારે પોતાના ખર્ચે ફેરફાર કરી શકશે. પરંતુ, મુદદા નં. ૨.૧ ના પેટા મુદદા નં. (૩) મા જણાવ્યા મુજબ ની વિગતે – સદર કેઈસ મા – જો આવા વીજજોડાણ માટે – જયોતીંગ્રામ ફીડર લંબાવવામા આવે તો – જયોતીંગ્રામ યોજના અંતર્ગત – ખેતીવાડી ફીડર ને અલગ કરવાનો હેતુ સર થતો નથી. તેમજ વીજચોરી અને અકસ્માત ની શકયતાઓ ઘણી વધી જાય છે.

૩.૨

- વધુમા અરજદાર ની ૨૪ કલાક પાવર સપ્લાય મેળવવા માટે બાબતે ની રજુઆત અન્વયે – અરજદાર નુ વીજજોડાણ ધંટીયાલ ખેતીવાડી ફીડર હેઠળ ધરાવે છે. પીજીવીસીએલ પક્ષકાર દ્વારા માહે જાન્યુઆરી–૧૬ થી માહે એપ્રીલ –૧૮ સુધી – મહિનાવાઈઝ – સદર ફીડર મા કુલ કેટલી કલાક પાવર સપ્લાય ( સીગલ ફેઇઝ અને થ્રી ફેઇઝ ) પુરો પડાયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| Month | No. of days in a month | Total hours | 11KV Ghantiyal Ag. feeder | |
|---|---|---|---|---|
| | | | Power on time (Hrs.) | % power On time (Hrs.) |
| Jan-16 | 31 | 744:00:00 | 732:15:00 | 98.42 |
| Feb-16 | 29 | 696:00:00 | 670:25:00 | 96.32 |
| Mar-16 | 31 | 744:00:00 | 728:30:00 | 97.92 |
| Apr-16 | 30 | 720:00:00 | 694:25:00 | 96.45 |
| May-16 | 31 | 744:00:00 | 736:00:00 | 98.92 |
| Jun-16 | 30 | 720:00:00 | 676:35:00 | 93.97 |
| Jul-16 | 31 | 744:00:00 | 717:35:00 | 96.45 |
| Aug-16 | 31 | 744:00:00 | 728:10:00 | 97.87 |
| Sep-16 | 30 | 720:00:00 | 687:35:00 | 95.50 |
| Oct-16 | 31 | 744:00:00 | 713:50:00 | 95.95 |
| Nov-16 | 30 | 720:00:00 | 711:15:00 | 98.78 |
| Dec-16 | 31 | 744:00:00 | 737:30:00 | 99.13 |
| | 366 | 8784:00:00 | 8534:05:00 | 97.15 |
| Jan-17 | 31 | 744:00:00 | 736:20:00 | 98.97 |
| Feb-17 | 28 | 672:00:00 | 668:15:00 | 99.44 |
| Mar-17 | 31 | 744:00:00 | 738:50:00 | 99.31 |
| Apr-17 | 30 | 720:00:00 | 709:15:00 | 98.51 |
| May-17 | 31 | 744:00:00 | 740:00:00 | 99.46 |
| Jun-17 | 30 | 720:00:00 | 668:30:00 | 92.85 |
| Jul-17 | 31 | 744:00:00 | 722:55:00 | 97.17 |
| Aug-17 | 31 | 744:00:00 | 724:35:00 | 97.39 |
| Sep-17 | 30 | 720:00:00 | 691:45:00 | 96.08 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | Oct-17 | 31 | 744:00:00 | 723.15.00 | 97.21 |
| | | Nov-17 | 30 | 720:00:00 | 700:40:00 | 97.31 |
| | | Dec-17 | 31 | 744:00:00 | 732:20:00 | 98.43 |
| | | | **365** | **8760:00:00** | **8556:40:00** | 97.68 |
| | | Jan-18 | 31 | 744:00:00 | 731:25:00 | 98.31 |
| | | Feb-18 | 28 | 672:00:00 | 662:20:00 | 98.56 |
| | | Mar-18 | 31 | 744:00:00 | 743:05:00 | 99.88 |
| | | Apr-18 | 30 | 720:00:00 | 714:55:00 | 99.29 |

| | |
|---|---|
| 3.3 | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૧ અને મુદદા નં.૩.૨ મુજબ ની વિગતેના તાંત્રીક કારણોસર તેમજ જે તે વખતે અરજદારીના લેખીત સંમંતીપત્ર મુજબ – ખેતીવાડી ફીડર માથી વીજજોડાણ અપાયેલ છે, જે યોગ્ય છે. તેમજ, અરજદાર ને પુરા પાડવામા આવતા પાવર સપ્લાય ની વિગતો ને નજર સમક્ષ રાખતા – અરજદાર ની જયોર્તીગ્રામ ફીડર માથી પાવર સપ્લાય મેળવવા માટે ની અરજી ગ્રાહય રાખવામા આવતી નથી. તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભામાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.